1. પોર્ટુગીઝ કંપનીએ પોતાની કોઠીઓની સ્થાપના ક્યાં ક્યાં કરી હતી?

- પોર્ટુગીઝ કંપનીએ ગોવા, બીજાપુર, ગોલકોંડા, વિજયનગર, કેમબ્રિજ (ખંભાત) મુકામે પોતાની કોઠીઓની સ્થાપના કરી હતી. આ માહિતી પોર્ટુગલના પાટનગર લીસબેન ખાતે સંગ્રહિત દસ્તાવેજોની માહિતી પરથી પ્રાપ્ત થાય છે. ઉપરાંત ડૉ, જી. એમ. મોરાથસે ના ''હિસ્ટ્રી ઓફ ક્રિયાનિટી ઇન ઇન્ડિયા' અને ભારતીય વિદ્યાભવને પ્રકાશિત કરેલ ''મુંબઈ ગેઝેટિયર' અને ''કેમ્બ્રિજ ઇન્ડિયન હિસ્ટ્રી'' ગ્રંથ શેલીમાં પણ જોવા મળે છે.

2. ઇતિહાસની આધારસામગ્રી તરીકે વર્તમાનપત્રો વિશે માહિતી આપો ?

- ભારતીય ઈતિહાસમાં ખાસ કરીને બ્રિટિશ કાલીન સમયમાં વર્તમાનપત્રો ને રાષ્ટ્રવાદના પ્રચારપ્રસાર માટે અને સામાજીક, ધાર્મિક સુધારણાના ક્ષેત્રોમાં મલકેવનું યોગદાન આપ્યું છે. ભારતમાં જેમ્સ.એ.હીકીએ 'બેંગોલ ગેઝેટ' દ્વારા દેશમાં પત્રકારત્વની શરૂઆત કરી.
- રાજા રામમોહન રાયે 'સંવાદ  કૌમુદી', દાદાભાઈ નવરોજીએ ''રાસ્તગોફતાર'', મુંબઇના ''મુંબઈ સમાચાર'' , કેશવચંદ્ર સેનના ''સુરતી સમાચાર'', લોકમાન્ય તિલકના ''મરાઠા'' અને ''સંધ્યા'', ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના ''સોમપ્રકાશ'', સ્વામી વિવેકાનંદના ''પ્રબુદ્ધ ભારત'', મોતીલાલ ઘોષના ''અમૃત બાઝાર પત્રિકા'', મોતીલાલ નહેરુનું 'ઇન્ડિપેન્ડર્સ', મૌલાના આઝાદનું ''અલહિલાલ'' અને હિંદુસ્તાન ગદર પાર્ટીનું ''ગદર'' વર્તમાનપત્ર મુખ્ય છે.

3. બ્રિટિશ સિક્કાઓમાંથી પ્રાપ્ત થતો ઇતિહાસ સમજાવો.

- ભારતમાં મુગલ બાદશાહઓએ પોતાના સિકકા 'દાસ' અને ''રૂપિયા'' અમલમાં મૂક્યા હતાં. બ્રિટિશરોએ ઈ.સ. 1834થી ભારતમાં પોતાના સોનાના ગીની, ચાંદી અને ત્રાંબાના સિક્કાની શરૂઆત કરી. બ્રિટિશ તાજના શાસન દરમિયાન (ઈ.સ. 1818) રાણી વિક્ટોરિયાની છબીવાળા અને વિક્ટોરિયા ક્વીન લખેલો સિક્કા, રાજા જ્યોર્જ પંચમના સિક્કા (બોડિયા રાજાના સિક્કા) પ્રચલિત બન્યા હતા.આ સમયે દેશના વિવિધ રજવાડાંના રાજા ઓ એ પોતાના સિક્કા બહાર પાડ્યા હતાં. જે દેવનાગરી લિપીમાં લખાણ ધરાવતા હતાં.

4. ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર વિશે ટૂંકમાં માહિતી આપો.

- અર્વાચીન ભારતના ઇતિહાસની જાણકારી માટે વિવિધ પ્રકારની ઐતિહાસિક સામગ્રી અભિલેખાગારમાં રાખવામાં આવે છે. જયાં ભારતની રાજકીય, સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક બાબતો રજૂ કરતા દસ્તાવેજો, ગ્રંથો અને પુસ્તકો રાખવામાં આવે છે, ભારતમાં રાષ્ટ્રીય અભિલેખાગાર દિલ્લીમાં આવેલ છે .

5. ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના માહિતીસ્રોત વિશે ચર્ચા કરો.

- ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ ફ્રાન્સના પેરિસમાં આવેલ અભિલેખાગારમાં, ઇન્ડિયા ઓફિસ લાઇબ્રેરી લંડન,દિલ્હીના રાષ્ટ્રીય અભિલેખાગાર અને ચે શાઈ, મૈસુર અને હૈદરાબાદની સરકારી અભિલેખાગારમાં પ્રાપ્ત થાય છે. ઉપરાંત, જી.બી. મેલેસનનું ''હિસ્ટ્રી ઓફ ધી ફ્રેન્ચ ઇન ઇન્ડિયા'', વિલકિન્સનું ''દક્ષિણ ભારતના ઇતિહાસની રૂપરેખા'' નામના પુસ્તકો, ડુપ્લે એન્ડ ક્લાઇવ ગ્રંથો, લોરેન્સના 'એન્ગલો ફ્રેન્ચ

વોર', આનંદરંગ પિલ્લાઈની નોંધો અને એંગ્લો ફ્રેંચવોર ના ગ્રંથો સાથે ડોડવેલ મદ્રાસનું આજ્ઞાપત્રોનું કેલેન્ડર દ્વારા ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સમયની ભારતની આર્થિક પરિસ્થિતિ અને પ્રવૃત્તિનો ચિતાર જોવા મળે છે.

### 6. અર્વાચીન ભારતના ઇતિહાસની સાધનસામગ્રીનું મહત્ત્વ શા માટે વધુ છે ?

- અર્વાચીન ભારતનો યુગ આશરે 200 વર્ષના સમયગાળાને આવરી લે છે. આ સમયગાળામાં ભારતમાં વિવિધ વિદેશી પ્રજાઓનું શાસન હતું. આ સમય દરમિયાન ભારતનાં વિવિધ રાજયો અને તેમની સરકારો સાથે વિદેશી સત્તાઓના પત્રવ્યવહાર તેમજ વિવિધ પ્રકારના દસ્તાવેજો માંથી તે સમયની ભારતની રાજકીય, લશ્કરી, મહેસૂલી, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થિતિની માહિતી પ્રાપ્ત થઈ શકે છે. વિદેશી પ્રજાઓની ભારત પર થયેલી અસરો અર્વાચીન ભારતના ઇતિહાસની સાધનસામગ્રીના આધારે જાણી શકાય છે. આથી આ ઐતિહાસિક સાધનસામગ્રીનું વધુ મહત્ત્વ છે.